**H.I.V.પોઝીટીવ/એઈડ્સના દર્દીઓ માટે તબીબી સહાયના ફોર્મમાં ટ્રાન્સજેન્ડરની વિગત ઉમેરવા બાબત.**

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: તસચ/૧૦૨૦૨૧/૫૨/ઘ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૬/૦૪/૨૦૨૧

**વંચાણે લીધા:-**

(૧) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગરના તા.૧૫/૦૧/૨૦૨૧ના પત્ર ક્રમાંક: – આવિ-અગન–એચ.આઈ.વી–૨૦૨૧–૮૯૦થી૮૯૧

**પ્રસ્તાવના:-**

કમિશ્નરશ્રી (આ.વિ)ની કચેરી,ગાંધીનગરના તા.૧૫/૦૧/૨૦૨૧ના વંચાણે લીધા ક્રમાંક.(૧) ના પત્રથી કરેલ દરખાસ્તમાં જણાવ્યા મુજબ, ટ્રાન્સજેન્ડર સમુદાયની માંગણી અંગે તા.૧૬/૦૧/૨૦૨૦ ના રોજ સંલગ્ન વિભાગો સાથે થયેલ મીટીંગમાં જણાવ્યા અનુસાર એચ.આઈ.વી પોઝીટીવ વ્યક્તિઓ માટે તબીબી સહાયના ફોર્મમાં ટ્રાન્સજેન્ડરની વિગત ઉમેરો કરવામાં આવે તો તેઓની સંખ્યા જાણી શકાય. તથા તબીબી સહાયના ફોર્મમાં ટ્રાન્સજેન્ડર સમુદાયની વિગત ઉમેરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે આદિજાતિ વિકાસ વિભાગની “તબીબી સહાય યોજના” અંતર્ગત H.I.V.પોઝીટીવ/એઈડ્સના દર્દીઓ માટે તબીબી સહાયના ફોર્મમાં ટ્રાન્સજેન્ડર સમુદાયની વિગતો ઉમેરવા માટે આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ, વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૨૬/૦૩/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આર.આઈ.ઠક્કર)**
**ઉપસચિવ**
**આદિજાતિ વિકાસ વિભાગ**

**નકલ રવાના :-**

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના સંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.(તમામ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરીને આપની કચેરી મારફત મોકલી આપવા સારૂ)
- ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી, ૦-૧ બ્લોક, ન્યુ મેન્ટલ હોસ્પિટલ કોમ્પ્લેક્ષ, મેઘાણીનગર, અમદાવાદ.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર સત્વરે મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.